તા.૧૭/૧૧/૨૦૨૨ ગુરૂવારના રોજ ૧૨:૦૦ કલાકે સમિતિ રૂમમાં મળેલ આઇ.ટી.કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ.

---

અ.મુ.સ.શ્રી(સા.ન્યા.) ના અધ્યક્ષ સ્થાને તા.૧૭/૧૧/૨૦૨૨ ગુરૂવારના રોજ મળેલ આઇ.ટી.કમિટીની બેઠકમાં આ સાથેના પત્રકમાં દર્શાવેલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

ઉપસ્થિત રહેલ સર્વે અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરી, બેઠકના એજન્ડાની મુદ્દાવાર ચર્ચા વિચારણા કરી આઈ.ટી. કમિટીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## ૧.ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ(GIL)ની દરખાસ્ત

(૧) GIL ની SJED ના 18. Nos of MS SQL 2019 Server Enterprise-latest version 2 core pack without SA ખરીદી માટે L1 Bidder (Gem Portal)ને મંજૂરી આપવાની દરખાસ્ત.

ઉકત દરખાસ્ત બાબતે તા.૦૧/૦૯/૨૦૨૨ ની વિભાગની આઇ.ટી. કમિટી દ્વારા આપવામાં આવેલ મંજૂરી મુજબ GIL દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ ઉક્ત 18. Nos of MS SQL 2019 Server Enterprise-latest version 2 core pack without SA ખરીદવા માટે GeM (Government e-Market place) પર બીડની પ્રક્રિયા કરવામાં આવેલ. જેમાં, L1 બીડર તરીકે M/s DEV information Technology Ltd.આવેલ છે તેમજ અન્ય વિગતો નીચે મુજબ છે.

| Sr. No. | Description | Qty (in nos.) | M/s DEV information Technology Ltd. | | M/s CLOUDSTARTS TECHNOLOGIES Ltd. | |
|---|---|---|---|---|---|---|
| | | | Unit price in Rs.(with Tax) | Total price in Rs.(with Tax) | Unit price in Rs.(with Tax) | Total price in Rs.(with Tax) |
| 1 | MS SQL Server Enterprise-latest version 2 Core pack without SA (CSP) SKU ID-0001 | 18 | 8,18,650 | 1,47,35,700 | 8,19,497 | 1,47,50,946 |
| Total | | | | 1,47,35,700 | | 1,47,50,946 |
| | | | | L1 Bidder | | L2 Bidder |

- ઉક્ત દરખાસ્ત બાબતે Gem Portal પર ઉક્ત L1 બીડર M/s DEV information Technology Ltd. પાસેથી L1 કિંમત પર ખરીદી કરવાની વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે તેમજ ઉક્ત ખરીદીની કિંમત રૂ.૦૧ કરોડથી વધુ હોઇ, SPC(IT)ની

મંજૂરી મેળવવાની રહેશે. વધુમાં, ઉક્ત SJED ના 18. Nos of MS SQL 2019 Server Enterprise-latest version 2 core pack without SA ખરીદીનો ખર્ચ અને GIL ના સર્વિસ ચાર્જનું ચૂકવણું નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા GIL ને કરવાનું રહેશે અને તેની જાણ વિભાગને કરવા આઇ.ટી. કમિટીએ જણાવેલ છે.

(૨) GIL ની SJED ના 44 nos. of Microsoft Window Server 2022 Data Center Edition 2 Core product Licenses ખરીદી માટે L1 Bidder (Gem Portal)ને મંજૂરી આપવાની દરખાસ્ત.

ઉકત બાબતે તા.૦૧/૦૯/૨૦૨૨ ની વિભાગની આઇ.ટી. કમિટી દ્વારા આપવામાં આવેલ મંજૂરી મુજબ GIL દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ ઉક્ત 44 nos. of Microsoft Window Server 2022 Data Center Edition 2 Core product Licenses ખરીદવા માટે GeM (Government e-Market place) પર બીડની પ્રક્રિયા કરવામાં આવેલ. જેમાં, L1 બીડર તરીકે M/s DEV information Technology Ltd.આવેલ છે તેમજ અન્ય વિગતો નીચે મુજબ છે.

| Sr. No. | Description | Qty (in nos.) | M/s DEV information Technology Ltd. | | M/s CLOUDSTARTS TECHNOLOGIES Ltd. | |
|---|---|---|---|---|---|---|
| | | | Unit price in Rs. (with Tax) | Total price in Rs.(with Tax) | Unit price in Rs.(with Tax) | Total price in Rs.(with Tax) |
| 1 | Microsoft Window Server 2022 Data Center Edition 2 Core | 44 | 35,640 | 15,68,160 | 35,686 | 15,70,184 |
| Total | | | | 15,68,160 | | 15,70,184 |
| | | | | L1 Bidder | | L2 Bidder |

➢ ઉક્ત દરખાસ્ત બાબતે Gem Portal પર ઉક્ત L1 બીડર M/s DEV information Technology Ltd. પાસેથી L1 કિંમત પર ખરીદી કરવાની વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે. વધુમાં, ઉક્ત SJED ના 44 nos. of Microsoft Window Server 2022 Data Center Edition 2 Core product Licenses ખરીદીનો ખર્ચ અને GIL ના સર્વિસ ચાર્જનું ચૂકવણું નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા GIL ને કરવાનું રહેશે અને તેની જાણ વિભાગને કરવા આઇ.ટી. કમિટીએ જણાવેલ છે.

(3) SJED વિભાગ આધારના Sub-AUA તરીકે હોઇ, Aadhaar Security Compliance Audit બાબતે CERT-IN empanelled IS Auditor/Audit Agency પાસેથી વર્ષ ૨૦૨૨-૨૩ નું Aadhaar Compliance Audit certificate આપવાની દરખાસ્ત.

➤ ઉક્ત દરખાસ્ત બાબતે CERT-IN empanelled IS Auditor/Audit Agency પાસેથી SJED ના આધારના Sub-AUA માટે વર્ષ ૨૦૨૨-૨૩ નું Aadhaar Compliance Audit certificate તેમજ Security Audit GIL દ્વારા કરાવવાની વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

## ૨. નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની દરખાસ્ત

(૧) નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની વડી કચેરીમાં ઇ-સરકારના અમલીકરણ માટે નીચેની વિગતે હાઇ સ્પીડ સ્કેનર ખરીદવાની દરખાસ્ત.

| હાર્ડવેરની વિગત | વડી કચેરીનો જથ્થો | કુલ જથ્થો | રકમ રૂપિયામાં | કુલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| હાઇ સ્પીડ સ્કેનર | ૧૦ | ૧૦ | ૪૦,૦૦૦/- | ૪,૦૦,૦૦૦/- |
| | | | કુલ | ૪,૦૦,૦૦૦/- |

➤ ઉક્ત ૧૦-નંગ હાઇ સ્પીડ સ્કેનર માટે GIL પાસે સ્પેશિફિકેશન નક્કી કરાવી Gem Portal પર બીડની પ્રક્રિયાથી ખરીદી કરવા વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

## 3. નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની દરખાસ્ત

(૧) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની વડી કચેરીમાં ઇ-સરકારના અમલીકરણ તેમજ વેબેક્ષ મિટિંગ/ઇ-સાઇન માટે નીચેની વિગતે હાર્ડવેરો ખરીદવાની દરખાસ્ત.

| હાર્ડવેરની વિગત | વડી કચેરીનો જથ્થો | જરૂરિયાત | રકમ રૂપિયામાં | કુલ રકમ રૂપિયામાં |
|---|---|---|---|---|
| હાઇ સ્પીડ સ્કેનર | ૦૧ | ૧૨ | ૪૦,૦૦૦/- | ૪,૮૦,૦૦૦/- |
| વેબ કેમેરા | ૦૧ | ૦૧ | ૩૦૦૦/- | ૩૦૦૦/- |
| | | | કુલ | ૪,૮૩,૦૦૦/- |

➤ ઉક્ત ૧૨-નંગ હાઇ સ્પીડ સ્કેનર અને ૦૧-નંગ વેબ કેમેરા માટે GIL પાસે સ્પેશિફિકેશન નક્કી કરાવી અને Gem Portal પર બીડની પ્રક્રિયાથી ખરીદી કરવા વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

## ૪. નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની દરખાસ્ત

(૧) વર્ગ-૧,૨ અને ૩ની અને ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOFLE, GRE ની પરીક્ષાની પુર્વ તૈયારી માટે કોચિંગ સહાય યોજનાઓ માટે Online Application MIS તૈયાર કરવા બાબતની GIPL ની દરખાસ્ત.

| ક્રમ | યોજનાનું નામ | કિંમત (Excl. GST) |
|---|---|---|
| ૧ | વર્ગ 1, 2, 3 પરીક્ષાની પુર્વ તૈયારીઓ માટે કોચીંગ સહાય. | ૩,૪૪,૦૮૦/- |
| ૨ | NIFT/CEPT/NLU જેવી ALL INDIA લેવલની સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ વિદેશ જવા માટે આપવી પડતી IELTS, TOFEL, GRE ની પરીક્ષાની પૂર્વ તૈયારીઓ માટે કોચીંગ સહાય. | ૩,૪૪,૦૮૦/- |
| 3 | NEET/JEE/PMT/GUJCET ની પરીક્ષાની પુર્વ તૈયારીઓ માટે કોચીંગ સહાય. | ૩,૪૪,૦૮૦/- |
| | કુલ ખર્ચ | ૧૦,૩૮,૨૪૦/- |

➢ ઉક્ત દરખાસ્ત બાબતે નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની ઉક્ત યોજનાઓની Online Application MIS તૈયાર કરવા માટે વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે. પરંતુ, આજ પ્રકારની Online Application MIS અગાઉ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની યોજનાઓ માટે GIPL દ્વારા બનાવેલ છે. જેમાં તા.૧૮/૦૬/૨૦૨૦ ની વિભાગની આઇ.ટી. કમિટી દ્વારા કિંમત નિયત થયેલ છે. તે મુજબ નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા GIPL સાથે નેગોશિયેશન કરી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ.)ની વડી કચેરીમાં ઇ-સરકારના અમલીકરણ માટે નીચેની વિગતે હાઇ સ્પીડ સ્કેનર ખરીદવાની દરખાસ્ત.

| હાર્ડવેરની વિગત | કુલ જરૂરિયાત | રકમ રૂપિયામાં (અંદાજિત) | કુલ રકમ રૂપિયામાં (અંદાજિત) |
|---|---|---|---|
| હાઇ સ્પીડ સ્કેનર | ૧૧ | ૪૦,૦૦૦/- | ૪,૪૦,૦૦૦/- |
| | | કુલ | ૪,૪૦,૦૦૦/- |

➢ ઉક્ત ૧૧-નંગ હાઇ સ્પીડ સ્કેનર માટે GIL પાસે સ્પેશિફિકેશન નક્કી કરાવી Gem Portal પર બીડની પ્રક્રિયાથી ખરીદી કરવા વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

## ૫. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીની દરખાસ્ત

(૧) ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી,ગાંધીનગરની વેબસાઇટ (www.gscps.gujarat.gov.in)ના અપડેશન અને મેઇન્ટેનન્સ બાબતની દરખાસ્ત.

- ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી, ગાંધીનગરની વેબસાઇટ (www.gscps.gujarat.gov.in) વર્ષ-૨૦૧૫ માં ડેવલપ થયેલ હોવાથી ખૂબ જૂની છે. માટે ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટીની વેબસાઇટ નવેસરથી ડેવલપ કરવાની જરૂરિયાત છે. જેથી, GIL પાસે વેબસાઇટ નવેસરથી ડેવલપ કરાવવાની વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

બેઠકમાં અન્ય કોઈ મુદ્દા ન હોઈ, અધ્યક્ષશ્રીએ હાજર રહેલ સૌનો આભાર માની બેઠક પૂર્ણ થયેલ જાહેર કરી.

એસ.યુ.પરીખ

(એસ.યુ.પરીખ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક: CMP-૧૦૨૦૨૧-૩૧૭૫૨૦-કો.સેલ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં. ૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. 0 9 DEC 2022

નકલ રવાના પ્રતિ

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ., બ્લોક નં.૨, ૨જો માળ, ડી વીંગ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નાયબ સચિવશ્રી (વિ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નાયબ સચિવશ્રી (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) મદદનીશ નિયામકશ્રી (આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં.૧૯, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૩) સિલેક્ટ ફાઈલ-૨૦૨૨

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ